P.07



અભિનેત્રી દીપિકા પાદુકોણે બ્રેડ પિટની ફિલ્મ એફ-૧' ના વખાણ કર્યા

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07




પ્રિયંકાના પરિવારે ઘરે 'હેડ્સ ઓફ સ્ટેટ'નું સ્ક્રીનિંગ રાખ્યું

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૨૭ । વિક્રમ સંવત ૨૦૮૧ : અષાઢ સુદ ૦૬ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 327 • Dt.01-07-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ઇઝરાયલે તેહરાનની કુખ્યાત એવિન જેલ પર મોટો હુમલો કર્યો હતો । ૭૧ લોકો માર્યા ગયા

07



01 JULY- 2025 TUESDAY



07

ઉત્તરાખંડમાં સતત ત્રીજા દિવસે પણ હવામાનનો કહેર । કુલ ૯ જિલ્લાઓમાં રેડ એલર્ટ

**રૂ. ૯૪૩ કરોડના આર્થિક વ્યવહાર મળ્યા**

## માધ્યમ પર આરોપીઓ ગ્રાહકોને આકર્ષવા માટે નફાની લાલચ આપતા અને બ્લેક મનીનું સેટિંગ પણ કરી આપતા હોવાનું સામે આવ્યું

# સુરતમાં ગેરકાયદે ઓનલાઈન ગેમિંગ-ટ્રેડિંગનો પર્દાફાશ

## ગુજરાતના સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલી સનરાઈઝ ડેવલપર્સ નામની કન્સ્ટ્રક્શન ઓફિસની આડમાં ચાલતા ડબ્બા ટ્રેડિંગ અને ઓનલાઈન ગેમિંગ રેકેટનો સુરત શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એઓજી)એ પર્દાફાશ કર્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતના સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલી સનરાઈઝ ડેવલપર્સ નામની કન્સ્ટ્રક્શન ઓફિસની આડમાં ચાલતા ડબ્બા ટ્રેડિંગ અને ઓનલાઈન ગેમિંગ રેકેટનો સુરત શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એઓજી)એ પર્દાફાશ કર્યો છે. ગેમિંગ-ટ્રેડિંગ રેકેટમાં લગભગ ૯૪૩ કરોડના આર્થિક વ્યવહાર થયા હોવાનું સામે આવ્યું છે, ત્યારે સમગ્ર મામલે જીંએ ૮ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. સુરતના મોટા વરાછાના લજામણી ચોક ખાતે સનરાઈઝ ડેવલપર્સ નામની ઓફિસમાં ગેરકાયદે પ્રવૃતિ ચાલતી હોવાનીએઓજીને માહિતી મળી હતી. જેને લઈને જીંની ટીમે ત્યાં દરોડા પાડ્યા હતા. જેમાં જાણવા મળ્ય હતું કે, કન્સ્ટ્રક્શન ઓફિસની આડમાં **SEBI**ની પરવાનગી વગર **Castilo** ૯ અને **Stock grow** જેવાં સોફ્ટવેર દ્વારા ડબ્બા ટ્રેડિંગ અને વિવિધ પ્રતિબંધિત વેબસાઈટ્સ દ્વારા ઓનલાઈન ગેમિંગનો ધંધો ચાલતો હતો. સમગ્ર મામલે એઓજીને જાણવા મળ્યું હતું કે, કન્સ્ટ્રક્શનની ઓફિસ સનરાઈઝ ડેવલપર્સમાં ગેરકાયદે રીતે **NEXON EXCH.COM, PAVANEXCH** સહિતની વિવિધ વેબસાઈટ્સ અને સોફ્ટવેર થકી લાઈવ ક્રિકેટ, ટેનિસ, ફૂટબોલ સહિતની અલગ-અલગ ગેમથી સટ્ટો ચલાવવામાં આવતો હતો. આ માધ્યમ પર આરોપીઓ ગ્રાહકોને આકર્ષવા માટે નફાની લાલચ આપતા અને બ્લેક મનીનું સેટિંગ પણ કરી આપતા હોવાનું સામે આવ્યું છે.



જ્યારે ૨૫૦થી વધુ લોકોએ અત્યારસુધીમાં ઓનલાઈન ગેમિંગ અને ટ્રેડિંગ કર્યું હોવાનું સામે આવ્યું છે. જેમાં અલગ-અલગ બેન્ક એકાઉન્ટમાં રૂ.૪.૬૨ કરોડનાં અન્ય ટ્રાન્ઝેક્શનો પણ મળી આવ્યા છે. તમને જણાવી દઈએ કે, અગાઉ પણ મુખ્ય આરોપી નંદલાલ પર ઓનલાઈન ગેમિંગ અને સટ્ટાબાજીની ફરિયાદ થયેલી છે.

## પશ્ચિમ ઝોનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા નોટીસ પાઠવી માત્ર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલી સંતોષ માનવામાં આવ્યો

# અમદાવાદના શાસ્ત્રીનગરનું શૌચાલય બન્યું વિવાદનો મધપૂડો, કડક કાર્યવાહીના બદલે દંડ ફટકારતાં સ્થાનિકોમાં રોષ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૩૦ ।

અમદાવાદના શાસ્ત્રીનગર વિસ્તારમાં સરદાર પટેલ આવાસ યોજનાની બહાર મોડી રાત સુધી ખાણીપીણી બજાર ધમધમે છે. અહીં વર્ષો પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર શૌચાલય બનાવવામાં આવ્યું હતું. જે ગુરૂવારે રાત્રે કોઈપણ જાતની પૂર્વ મંજુરી વિના દુકાનદાર દ્વારા તોડી પાડતાં વિવાદ વકર્યો હતો. ત્યારબાદ એ.એમ.સી.ના પશ્ચિમ ઝોનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા નોટીસ પાઠવી માત્ર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલી સંતોષ માનવામાં આવ્યો છે. તંત્ર દ્વારા વ્હાલા દવાલાની નિતિને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો સામાન્ય વ્યક્તિ દ્વારા રોડ ઉપર કચરો નાખવામાં આવે અથવા દુકાનની બહાર કચરો હોય તો તેના ફોટા પાડી અને સીલ મારી કાર્યવાહી કરવામાં આવતી હોય છે. ત્યારે આખેઆખું જાહેર શૌચાલય તોડી પાડવામાં આવ્યું હોવા છતાં તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાના બદલે દંડ ફટકારવામાં આવતાં વિવાદનો મધપૂડો છેડાયો છે. ઉલ્લેખનીય છે કે વર્ષો અગાઉ કોર્પોરેશન દ્વારા જાહેર શૌચાલય બનાવાયુ હતું. આસપાસ ખાણીપીણીના સ્ટોલ આવેલા છે અને આસપાસમાં જાહેર શૌચાલય પણ નથી. જેથી આ શૌચાલય સામાન્ય જનતા માટે આર્શિવાદ સમાન છે. એટલું જ નહી અહીં નાસ્તા હાઉસ અને ખાણી પીણીના સ્ટોલ હોવાથી આડેધડ વાહનોના પાર્કિંગ કરવામાં આવતા હોવાથી ટ્રાફિકની સમસ્યા થાય છે. જેને લઈને સ્થાનિક રહીશો દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અને ટ્રાફિક વિભાગને ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા પણ આંખ આડા કાન કરવામાં આવે છે.







## ગુજરાતમાં કેટલા મોરચે લડશે કોંગ્રેસ!

# નવા પ્રમુખની વરણી થતા જ ખેડા-મહેસાણામાં થયો મોટો ભડકો

### શહેર-જીલ્લા પ્રમુખોની નિમણૂંકોમાં આંતરિક ડખા જામ્યાં છે । નારાજગીનો દોર યથાવત રહ્યો છે

। પ્રતિનિધિ, મહેસાણા,તા.૩૦ ।

ગુજરાત મૃતપ્રાય કોંગ્રેસને બેઠી કરવા હાઈકમાન્ડે ખુદ મોરચો સંભાળ્યો છે તેમ છતાંય એક સાંધે ત્યાં તેર તૂટે તેવી દશા થઈ છે. શહેર-જીલ્લા પ્રમુખોની નિમણૂંકોમાં આંતરિક ડખા જામ્યાં છે. નારાજગીનો દોર યથાવત રહ્યો છે. ત્યારે ખેડા જિલ્લામાં નવા પ્રમુખની વરણી થતા જ કોંગ્રેસમાં ભડકો થયો છે. કોંગ્રેસ દ્વારા નવા પ્રમુખ કાળુસિંહ ડાભીને વરણી કરતાની સાથે જ કોંગ્રેસના 'હાથ સે હાથ જોડો કોંગ્રેસી' કાર્યકર્તાઓમાં વિરોધ જોવા મળ્યો. કોંગ્રેસના કાળુસિંહ ડાભીની વરણી થતા ૨૮ જુના કાર્યભાર સંભાળવા માટે નિમંત્રણ પત્ર આમંત્રિતોને પઠવવામાં આવ્યું હતું. નિમંત્રણ પત્રમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલનું નિમંત્રણ પત્રમાં નામ ન હતું. જ્યારે બીજી તરફ 'હાથે હાથ જોડો'ના પ્રમુખ નલિત બારોટનું નામ પણ ગાયબ હતું. જેને લઈ કાર્યકર્તાઓ નારાજ થયા હતા. ત્યારે આ મામલે નારાજગી સામે આવી છે. જેના બાદ 'હાથ સે હાથ જોડો' ના પ્રવક્તા દિલીપભાઈ ગઢવી તથા બાબુભાઈ, પોચુભા ખુમાનસિંહ સિસોદિયા (મહામંત્રી), લાલજીભાઈ પરમાર (ખેડા તાલુકા પ્રમુખ, હાથ સે હાથ જોડો) અને બાબુભાઈ ગઢવી (જિલ્લા ઉપપ્રમુખ) દ્વારા રાજીનામા આપવામાં આવ્યા છે. ગુજરાતમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખોની



વરણીને લઈને અનેક જગ્યાએ વિરોધના સૂર ઉઠ્યા છે. કલોલના બળદેવજી ઠાકોર નહીં, પણ પાટીદાર જિલ્લા પ્રમુખની માંગણી ઉઠી છે. કોંગ્રેસની પાટીદાર વિચારસરણીવાળા પાટીદારોની બેઠક મળી હતી. વિસનગરની એક ખાનગી હોટલમાં આ બેઠક યોજાઈ હતી. જેમાં મહેસાણા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પદે પાટીદાર મૂકવા માંગણી કરાઈ છે. હાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પદે બળદેવજી ઠાકોરના નામની જાહેરાત કરાઈ છે. મહેસાણા જિલ્લા પ્રમુખની નિમણૂંક બાદ પાટીદાર આગેવાનોમાં હલચલ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ પાર્ટી મોવડી મંડળ અને pcc દ્વારા આ મુદ્દે સર્વે કરવા ટીમ બનાવાઈ હતી. અગાઉ આ મુદ્દે મિટિંગ પણ યોજાઈ હતી. સમગ્ર મામલે જિલ્લાના કોંગ્રેસ સાથે જોડાયેલા પાટીદાર આગેવાનોની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા પ્રમુખ પદે પાટીદાર નિમણૂંક કરવા રાહુલ ગાંધીને રૂબરૂ રજૂઆત કરાશે. કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી નરેન્દ્ર પટેલે રાહુલ ગાંધીને રજૂઆત કરવા અંગે વાત કરી.

## ભાવનગરના દિવ્યાંગ યુવકે તાઇવાનમાં ટેબલ ટેનિસમાં દેશનું નામ રોશન કર્યું

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૩૦ ।

ભાવનગર શહેરમાં ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટમાં પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા દિવ્યાંગ ખેલાડી અલ્પેશ સુતરીયાએ પેરા ટેબલ ટેનિસ ઈન્ટરનેશનલ સ્તરે તાઈવાનમાં ત્રીજી વખત દેશનું પ્રતિનિધિત્વ કરીને પેરા ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ વિજેતા થયા છે.ભાવનગરનો યુવક શરીરથી અશક્ત પણ મનથી મક્કમ હોવાથી બધા પ્રકારની મુસીબતોનો સામનો કરી આંતરરાસ્ટ્રીય સ્તરે પેરા ટેબલ ટેનિસમાં ભારતનું ત્રીજી વખત પ્રતિનિધિત્વ કર્યું છે. ૧૪ દેશના ખેલાડીઓએ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં ક્લાસ વન કેટેગરીમાં ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કરી રહેલા અલ્પેશ સુતરીયાએ ઈન્ટરનેશનલ પેરા ટેબલ ટેનિસ વર્લ્ડ પેરા ફયુચર તાઈપાઈ ૨૦૨૫માં ભાગ લઈને તાઈપાઈ શહેરમાં યોજાયેલ.

## ગજરાજને નિર્દયતાથી માર મારનાર મહાવત સામે પોલીસ ફરિયાદ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદની ૧૪૮મી રથયાત્રા દરમિયાન હાથી બેકાબૂ બનતા અનેક લોકોના જીવ પડીકે બંધાયા હતા.સદનસીબે રથયાત્રા દરમિયાન મોટી જાનહાનિ થતા અટકી હતી. આ ઘટનાક્રમ વચ્ચે અમદાવાદના જગન્નાથ મંદિરના હાથીખાનામાં એક હાથીને મહાવત દ્વારા લાકડીથી માર મારવામાં આવતો હોવાનો વીડિયો વાઈરલ થયો છે.આ વીડિયો રથયાત્રા બાદનો છે કે તે પહેલાનો તે સ્પષ્ટ થઈ શક્યું નથી. ૪૩ સેકન્ડના આ વાયરલ વીડિયોમાં મહાવત લાકડીના ૧૯ ફટકા મારતો જોવા મળી રહ્યો છે.

આ ઘટના બાદ પ્રાણી પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળ્યો છે. ત્યારે અહીં સવાલ એ સર્જાય કે ઘટનામાં જાનવર કોણ માનવી કે ગજરાજ ?તો હાથીને માર મારતા વાયરલ વીડિયો મામલે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં અરજી થઈ છે. અરજી કરનાર ભગવા સેનાના શહેર મંત્રી છે.

## ઘોઘાવદર ગામની સીમમાં જુગાર રમી રહેલા સરપંચ, તા.પં. સભ્ય સહિત ૯ ઝડપાયા

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૩૦ ।

રાજકોટ રૂરલ એલસીબી પોલીસે ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામમાં જુગારધામ પર દરોડો પાડ્યો હતો. દરોડામાં પોલીસે જુગાર રમતા ઘોઘાવદર ગામના સરપંચ હરેશભાઈ સાવલિયા અને ગોંડલ તાલુકા પંચાયત સભ્ય જીજ્ઞેશભાઈ ઘેલાણી સહિત ૯ લોકોની ધરપકડ કરી છે. સાથે જ મોબાઈલ ફોન, રોકડ, મોટર સાઈકલ સહિત કુલ રૂ.૬.૩૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટ જિલ્લાના ગોંડલના ઘોઘાવદર ગામની સીમમાં આવેલ વાડીનાં એક મકાનમાં બાતમીનાં આધારે એલસીબીએ દરોડો પાડ્યો હતો અને મકાનમાં જુગાર રમી રહેલા ૯ લોકોની ધરપકડ કરી હતી. આ કાર્યવાહીમાં પોલીસે રોકડ રુ.૧,૦૬,૩૦૦ મોબાઈલ નંગ- ૧૧ (કિંમત રુ.૧,૨૦,૦૦૦) તથા ૯ મોટરસાયકલ (કિંમત રુ.૪,૧૦,૦૦૦) મળી કુલ રુ.૬,૩૬,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.વિગત અનુસાર, એલસીબી શાખાનાં પીઆઇ. વી.વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ. ગોહીલ,એએસઆઇ.ઈન્દ્રસિંહ જાડેજા, જયવિરસિંહ રાણા, બાલકૃષ્ણત્રિવેદી, અનિલભાઈ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, મનોજ બાયલ, મહીપાલસિહ ચુડાસમા, દિલીપસિંહ જાડેજા સહિત પેટ્રોલિંગમાં હતા.

## ૬ના એન્જિન રૂમમાં અચાનક ભીષણ આગ લાગી હતી

# ગુજરાતથી ઓમાન જતા જહાજમાં લાગી આગ, ભારતીય મૂળના ૧૪ ક્રૂ મેમ્બર્સ હતા સવાર

। પ્રતિનિધિ, કંડલા, તા.૩૦ ।

ગુજરાતના કંડલાથી ઓમાન જઈ રહેલા પલાઉ એમટી યી ચેંગ ૬ના એન્જિન રૂમમાં અચાનક ભીષણ આગ લાગી હતી. જહાજની બત્તી સંપૂર્ણપણે ગુલ થઈ ગઈ હતી. આ જહાજમાં ભારતીય મૂળના ૧૪ ક્રૂ સભ્યો સવાર હતાં. ભારતીય નૌસેનાને આ દુર્ઘટનાની જાણ થતાં જ તે મદદ માટે દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.



ભારતીય નૌસેનાના જણાવ્યા અનુસાર, ગુજરાતના કંડલાથી ઓમાન જઈ રહેલા એમટી યી ચેંગ ૬ જહાજમાં ગઈકાલે અચાનક આગ લાગી હતી. આ આગની જાણકારી ઓમાનની ખાડીમાં તૈનાત ઈન્સ્ટાબાર જહાજને મળી હતી. તેણે તુરંત બચાવ કામગીરી હાથ ધરી હતી.ઈન્સ્ટાબાર જહાજમાં તૈનાત ભારતીય નૌસેનાના ૧૩ જવાનો અને પાંચ ક્રૂ સભ્યોએ પ્રારંભિક ધોરણે આગ બૂઝાવવાનો પ્રયાસ કર્યો હતો. ઉલ્લેખનીય છે, પલાઉ એ પેસિફિક મહાસાગરમાં સ્થિત એક ટાપુ દેશ છે.ભારતીય નૌસેનાના પ્રવક્તાએ ટ્વિટ કરી આ અંગે આજે માહિતી આપી હતી. તેમણે ટ્વિટ કર્યું હતું કે, ઓમાનની ખાડીમાં તૈનાત ભારતીય નૌસેનાનું સ્ટિલ્થ ઈન્સ્ટાબાર ને ૨૯ જૂનના રોજ પલાઉ-ફ્લેગ ધરાવતું એમટી યી ચેંગ ૬માંથી એક એલર્ટ કૉલ આવ્યો હતો. આ જહાજમાં ભારતીય મૂળના ૧૪ ક્રૂ સભ્યો ઉપસ્થિત હતાં. જહાજ કંડલા, ભારતથી શિનસ ઓમાન જઈ રહ્યું હતું. એન્જિન રૂમમાં ભીષણ આગ લાગતાં જહાજમાં સંપૂર્ણપણે બત્તી ગુલ થઈ હતી. અગ્નિશામક દળ અને ઉપકરણોએ નાની બૉટ અને હેલિકોપ્ટરની મદદથી આગ બૂઝાવવાનો પ્રયાસ કર્યો હતો. ૧૩ ભારતીય નૌસૈના અને ૫ ક્રૂ સભ્યોએ બચાવ કામગીરી હાથ ધરી હતી. તેમણે ઘણે અંશે આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. ગુજરાતના કંડલાથી ઓમાન જઈ રહેલા પલાઉ એમટી યી ચેંગ ૬ના એન્જિન રૂમમાં અચાનક ભીષણ આગ લાગી હતી. જહાજની બત્તી સંપૂર્ણપણે ગુલ થઈ ગઈ હતી. આ જહાજમાં ભારતીય મૂળના ૧૪ ક્રૂ સભ્યો સવાર હતાં.

## પફમાંથી અઢી ઇંચ જેટલો મોટો બોલ્ટ નીકળતા ગ્રાહક ચોંકી ઉઠયો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

આજકાલ બેકરી આઈટમ્સ ખાવાનું ચલણ વધ્યું છે. તેવામાં બેકરી સંચાલકોની બેદરકારીના કિસ્સા પણ વધી રહ્યા છે. તાજેતરમાં વડોદરાના સોશિયલ મીડિયા સર્કલમાં એક વીડિયો ભારે વાયરલ થઇ રહ્યો છે. જેમાં ગ્રાહક અતુલ બેકરીની પ્લેટમાં પફ ખાય છે. તેમાં પફમાંથી અઢી ઈંચ જેટલો મોટો બોલ્ટ નીકળ્યો હોવાનો વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે. વીડિયોમાં જોઇ શકાય છે કે, ગ્રાહક કોઇ રજુઆત કરવા જાય છે, ત્યારે તેને કોઈ સાંભળતું નથી. આ વીડિયો વડોદરાના આજવા રોડ પર આવેલા અતુલ બેકરીના આઉટલેટનો હોવાનો અંદાજ છે.જોકે અમે આ વીડિયોની પુષ્ટી કરતાં નથીવડોદરા સહિત રાજ્યભરમાં ખાદ્યપદાર્થોમાં સંચાલકોની બેદરકારીના કિસ્સાઓ સામે આવતા રહે છે. પરંતુ નક્કર કાર્યવાહીના અભાવે આવા કિસ્સાઓ પર જોઈએ તેવી લગામ લાગી નથી. આવો જ વધુ એક બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. તાજેતરમાં વડોદરાના સોશિયલ મીડિયા સર્કલમાં એક વીડિયો વાયરલ થવા પામ્યો છે. જેમાં એક ગ્રાહક અતુલ બેકરીની ડીશમાં પફ ખાઇ રહ્યો છે. દરમિયાન પફમાંથી અઢી ઈંચ જેટલો મોટો બોલ્ટ નીકળ્યો હોવાનો વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે.

## કચ્છનામાં સગીરાના અપહરણ બાદ બે શખસોએ દુષ્કર્મ આચર્યાની ફરિયાદ

। પ્રતિનિધિ, કચ્છ, તા.૩૦ ।

કચ્છના આદિપુરથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં ૧૬ વર્ષીય સગીરાનું બે અજાણ્યા શખસોએ અપહરણ કરી તેની સાથે દુષ્કર્મ આચરવા પ્રયાસ કરીને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચાર્યુ હોવાની ફરિયાદ કરાઇ છે. આ મામલે સગીરાના ભાઈએ બે અજાણ્યા આરોપી સામે આદિપુરમાં ફરિયાદ નોંધાવી હતી. આદિપુર પોલીસે પોક્સો, અપહરણ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરીને બંને યુવકની ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, સગીરા પોતાના પરિચિત સગીર યુવાન સાથે ગુરુવાર (૨૬મી જૂન)ના રોજ સાંજના સમયે શનિદેવ મંદિર ખાતે ગઈ હતી. આ દરમિયાન રસ્તામાં બે અજાણ્યા યુવાનોએ તેમને ઊભા રાખ્યા હતા. તેમને પોલીસ સ્ટેશને લઈ જવાની ધમકી આપી હતી. ત્યારબાદ બે પૈકી એક શખસે સગીરાને બાઈક પાછળ બેસાડી હતી. તેમજ અન્ય એક શખસે સગીર વયના કિશોરને બાઈક પાછળ બેસાડ્યો હતો. ત્યારબાદ અવાવરું જગ્યાએ લઈ જઈ સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ હતું. સગીરાએ વિરોધ કરતા તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને આરોપીએ સગીરા સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યુ હતું. કચ્છના આદિપુરથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે.




ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ (ક) અન્વયે ભરવા પાત્ર આવી રકમમાં છૂટછાટ અપાશે

# સોસાયટીના હિતમાં ગુજરાત સરકારનો મોટો નિર્ણય । ૮૦ ટકા સુધીની રકમ માફ કરાઇ

**સમગ્ર વિષયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા નાના મધ્યમ વર્ગીય લોકોની રજૂઆતો પ્રત્યે સંવેદના દાખવીને હકારાત્મક અભિગમ અપનાવ્યો**





। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૯ ।

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ (ક) અન્વયે ભરવા પાત્ર આવી રકમમાં છૂટછાટ અપાશે. રાજ્ય સરકાર ના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ અધિનિયમમાં કરેલી જોગવાઈઓના કારણે મધ્યમ વર્ગના લોકો ઉપર આવા તબદીલીના કિસ્સાઓમાં જે નાણાંકીય બોજ આવતો હતો તે સમગ્ર વિષયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા નાના મધ્યમ વર્ગીય લોકોની રજૂઆતો પ્રત્યે સંવેદના દાખવીને હકારાત્મક અભિગમ અપનાવ્યો છે.આ સંદર્ભમાં તેમણે કરેલા નિર્ણય અનુસાર હવે મૂળ ડ્યુટીના ૨૦ ટકા તથા દંડની રકમ મળીને માત્ર લેવાપાત્ર ડ્યુટી જેટલી જ રકમ વસૂલ કરવામાં આવશે. આમ રાજ્ય સરકારે મૂળ ભરપાઈ કરવાની થતી સ્ટેમ્પ ડ્યુટીની રકમમાં ઘટાડો કરવાથી ડ્યુટી ઉપરાંત દંડની ગણતરી થતા સુધારેલી જોગવાઈ અગાઉની મિલકત સંબંધે જેટલી ડ્યુટીની રકમ ભરપ ાઈ કરવાની થતી હતી તેટલી જ રકમ ભરપ ાઈ કરવાની થશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ સકારાત્મક અને નાગરિક હિત કેન્દ્રી અભિગમથી આવા તબદીલીના કિસ્સાઓમાં લોકો ઉપર દંડની રકમનો કોઈ જ વધારાનો નાણાકીય બોજ પડશે નહીં.અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે આ નિર્ણયના અનુસંધાને જારી કરવામાં આવનારા જાહેરનામાની જોગવાઈઓ માત્ર ને માત્ર સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટથી કરાયેલી તબદીલીઓ માટે જ લાગુ પડશે. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ (ક) અન્વયે ભરવા પાત્ર આવી રકમમાં છૂટછાટ અપાશે. રાજ્ય સરકાર ના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ અધિનિયમમાં કરેલી જોગવાઈઓના કારણે મધ્યમ વર્ગના લોકો ઉપર આવા તબદીલીના કિસ્સાઓમાં જે નાણાંકીય બોજ આવતો હતો તે સમગ્ર વિષયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા નાના મધ્યમ વર્ગીય લોકોની રજૂઆતો પ્રત્યે સંવેદના દાખવીને હકારાત્મક અભિગમ અપનાવ્યો છે.આ સંદર્ભમાં તેમણે કરેલા નિર્ણય અનુસાર હવે મૂળ ડ્યુટીના ૨૦ ટકા તથા દંડની રકમ મળીને માત્ર લેવાપાત્ર ડ્યુટી જેટલી જ રકમ વસૂલ કરવામાં આવશે. આમ રાજ્ય સરકારે મૂળ ભરપાઈ કરવાની થતી સ્ટેમ્પ ડ્યુટીની રકમમાં ઘટાડો કરવાથી ડ્યુટી ઉપરાંત દંડની ગણતરી થતા સુધારેલી જોગવાઈ અગાઉની મિલકત સંબંધે જેટલી ડ્યુટીની રકમ ભરપ ાઈ કરવાની થતી હતી તેટલી જ રકમ ભરપ ાઈ કરવાની થશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ સકારાત્મક અને નાગરિક હિત કેન્દ્રી અભિગમથી આવા તબદીલીના કિસ્સાઓમાં લોકો ઉપર દંડની રકમનો કોઈ જ વધારાનો નાણાકીય બોજ પડશે નહીં.અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે આ નિર્ણયના અનુસંધાને જારી કરવામાં આવનારા જાહેરનામાની જોગવાઈઓ માત્ર ને માત્ર સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટથી કરાયેલી તબદીલીઓ માટે જ લાગુ પડશે.

ભાજપના વધુ એક ધારાસભ્ય પુત્રને લઈને વિવાદમાં આવ્યા

## જામનગરમાં ધારાસભ્યના પુત્રએ આવાસ યોજનામાં મકાન મેળવતા વિવાદ થયો

। પ્રતિનિધિ, જામનગર,તા.૩૦ ।

ભાજપના વધુ એક ધારાસભ્ય પુત્રને લઈને વિવાદમાં આવ્યા છે. જેમાં જામનગરમાં ધારાસભ્યના પુત્રએ આવાસ યોજનામાં મકાન મેળવતા વિવાદ થયો છે. કાલાવડના ધારાસભ્ય મેઘજી ચાવડાના પુત્રએ આવાસ યોજનામાં મકાન લીધું છે. મોહિત ચાવડાએ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન મેળવતા ચર્ચાઓ થઈ રહી છે. લક્ઝરિયસ જીવન જીવતા MLA પુત્રએ આવાસ યોજનાનો લાભ લેતા વિવાદ થયો છે.જામનગરના ધ્રોલના એક નાગરિકે કરેલી આરટીઆઈ માં મોટો ખુલાસો થયો છે. જેમાં કયા નિયમો અનુસાર ધારાસભ્યના પુત્રએ લાભ લીધો તેને લઈને સવાલ છે. જેમાં ગરીબ અને મધ્યમવર્ગ માટેના આવાસમાં ધારાસભ્યના પુત્રએ કેમ લીધો લાભ ? આવાસનો લાભ લેવાની આવક મર્યાદા વાર્ષિક ૩ લાખની હોય છે. જેમાં કોંગ્રેસના કોર્પોરેટરે આ બાબતે તપાસ થાય તેવી માગ કરી છે.પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ એ ભારત સરકાર દ્વારા ગ્રામીણ ગરીબોને સસ્તા મકાનો પૂરા પાડવા માટે શરૂ કરાયેલી એક પહેલ છે. મૂળ રૂપે ૧૯૮૫ માં “ ઈન્દિરા આવાસ યોજના “ તરીકે શરૂ કરાયેલ,પીએમએવાયજી યોજનાને ૨૦૧૬ માં વર્તમાન સરકારે “૨૦૨૪ સુધીમાં બધા માટે ઘર” પહેલના ભાગ રૂપે ફરીથી શરૂ કરી હતી.પીએમએવાયજી મિશન હવે માર્ચ ૨૦૨૯ સુધી લંબાવવામાં આવ્યું છે.

## અમદાવાદના શિવરંજનીમાં દારૂની મહેફિલ પર પોલીસ ત્રાટકી, એક યુવતી અને છ યુવકોની અટકાયત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાતમાં દારૂબંધી હોવા છતા અવારનવાર દારૂનો જથ્થો ઝડપાઈ છે. ત્યારે અમદાવાદના શિવરંજની વિસ્તારમાં સંગાથ ટાવરમાં દારૂની મહેફિલ માણતા નબીરાઓ ઝડપાયા છે. પોલીસે છ યુવક અને એક યુવતીની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, શહેરના શિવરંજની વિસ્તારમાં સંગાથ ટાવર ચાલતા એક પીજીમાં દારૂની મહેફિલ ચાલતી હોવાની સેટેલાઈટ પોલીસને માહિતી મળી હતી. ત્યારે પ ોલીસે દરોડા પાડતા એક યુવતી અને છ યુવકો નશાની હાલતમાં ઝડપાયા હતા. સ્થળ પરથી પોલીસે દારૂની ૨ ખાલી બોટલ અને દારૂ પાર્ટીનો સામાન જપ્ત કર્યો છે. સેટેલાઈટ પોલીસે આ નબીરાની અટકાત કરીને મેડિકલ રીપોર્ટ કરાવ્યા છે અને જે પીજીમાં રહેતા હતા તેના સંચાલકને પણ જાણ કરવામાં આવી છે. હાલ પોલીસે પ્રોહિબીશનનો ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતા અવારનવાર દારૂનો જથ્થો ઝડપાઈ છે. ત્યારે અમદાવાદના શિવરંજની વિસ્તારમાં સંગાથ ટાવરમાં દારૂની મહેફિલ માણતા નબીરાઓ ઝડપાયા છે.

## ઓનલાઇન ગેમમાં દેવું થતાં વડોદરામાં બે એટીએમ તોડ્યા પણ સફળ ન થયા, ત્રિપુટી પકડાઇ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩૦ ।

વડોદરાની આસપાસ ચાર દિવસમાં બે એટીએમ તોડવાનો પ્રયાસ થતા પોલીસે રાતોરાત લાખો રૂપિયા મેળવી લેવા એટીએમ ગેસ કટરથી એટીએમ તોડવાનો પ્રયાસ કરનાર સરફરાજ સહિતની ત્રિપુટીને ઝડપી પાડી છે.વડોદરા પાસે સાકરદા ભાદરવા રોડ પર આવેલા ઈન્ડિયા વન બેંકના એટીએમને ગેસ કટરથી કાપવાનો પ્રયાસ થતા નંદેસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ ત્રણ દિવસ પછી મંજુસર જીઆઈડીસી પાસે આવી જ રીતે ઈન્ડિયા વનના વધુ એક એટીએમને કાપ વાનો પ્રયાસ થયો હતો.એટીએમ તૂટવાના બનાવ અંગે વડોદરા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય વિગતો એકત્રિત કરવામાં આવી હતી. જેમાં એક જ ટોળકી સામેલ હોવાની પોલીસને શંકા થઈ હતી. આ દરમિયાન એક શંકાસ્પદ ઈકો વાનની પોલીસે તપાસ કરતા આ વાન ઠેકરનાથ સ્મશાન પાસે રહેતો સરફરાજ ઉપયોગ કરતો હોવાથી વિગતો ખુલી હતી. જેથી પોલીસે વોચ રાખી તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે વાનમાંથી સરફરાજ યાસીન હુસેન સૈયદ ઠેકરના સ્મશાન પાસે,અજબડી મિલ પાછળ), સોહમ કાલિદાસ માળી (સહકાર નગર, ઉકાજીના વાડિયા પાસે વાઘોડિયા રોડ) અને મનીષ મુકેશભાઈ સોલંકી (જીવણ નગર, બી.એસ.યુ.પી આવાસ, પ્રભાત નગર પાસે વાઘોડિયા રોડ) ને ઝડપી પાડી વાનમાંથી ગેસ કટર, સિલિન્ડર, કોસ અને ત્રણ મોબાઈલ કબજે કર્યા હતા. પોલીસની પૂછપરછ દરમિયાન ત્રિપ ુટીએ ઈન્ડિયા વન બેંકના બે એટીએમની નિશાન બનાવ્યા હોવાની પરંતુ તેમાં સફળતા નહીં મળતા બીજી યોજના બનાવી રહ્યા હોવાની વિગતો ખુલી હતી. ત્રિપુટીનો સૂત્રધાર સરફરાજને ઓનલાઈન ગેમમાં ૧૫ લાખ રૂપિયાનું દેવું થઈ જતાં તેમજ લીધેલી લોનના હપ્તા પણ ચડી જતા રાતોરાત મોટો હાથ મારવા સોહમ અને મનીષની મદદ લીધી હોવાની માહિતી બહાર આવી હતી.






## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદ્દીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઈ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઈગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઈમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઈ રહ્યા છે. એક થઈને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઈ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઈને કોઈ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહીની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઈ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઈ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઈ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી.

# ફુડ પ્રોડક્શન મેનેજરનો પણ ક્રેઝ

આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઈને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઈ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### ગ્રીનલેન્ડના પીગળતા ગ્લેશીયર પૃથ્વીના પ્રલય કારણ બનશે!?

**પાણીમાં ફેરવાઇ ગયેલા સરોવરમાં વુલ્ફ ડોગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે**

# વધતા જતા તાપમાનથી બરફ જામવાનું અને ઓગળવાનું કુદરતી ચક્ર ખોરવાયું

**ઉત્તરપશ્ચિમ ગ્રીનલેન્ડમાં સ્થિત પીટરમેન ગ્લેશિયર, આ વિસ્તારમાં વધતા તાપ માનના પરિણામે ટુકડા થઈ શકે છે નાસાએ તેની ટ્વિટર પ્રોફાઇલ પર આઇસબ્રીજ ઓપરેશનના માળખામાં લેવામાં આવેલ ફોટોગ્રાફ પ્રકાશિત કર્યો છે.**



કુદરત કરવટ બદલી રહી છે. આપણી નંદનવન સમી પૃથ્વી પર સતત ગરમીનુ પ્રમાણ વધી રહ્યું છે. જેની સીધી અસર પરીઆવરણ પર થઈ રહી છે. આજે આપણે ગ્રીનલેન્ડના ભૌગોલિક પરિસ્થિતિની વાત કરવી છે. સમગ્ર ગ્રીનલેન્ડમાં ચિંતાનો વિષય બન્યો છે.ગ્રીનલેન્ડમાં માત્ર એક જ દિવસમાં બે બિલિયન ટન બરફ પીગળી રહયો છે. આથી વૈજ્ઞાનિકોને ડર છે કે ગ્રીનલેન્ડનો બરફ આમ પીગળતો જ રહેશે. તો દરિયાની જળ સપાટી વધવાનો ખતરો તોળાઈ રહયો છે. સતત વધી રહેલા તાપમાનના પગલે બરફ જામવાનું અને ઓગળવાનું જે કુદરતી ચક્ર હતું તે ખોરવાઈ રહયું છે.

ગ્રીનલેન્ડ એન્ટાર્કટિકા પછી પૃથ્વી પરનો સૌથી વિશાળ હિમ વિસ્તાર છે. જેની આઈસ શીટ ઉત્તર અને દક્ષિણ દિશામાં ૨૪૦૦ કિમી સુધી ફેલાયેલી છે. બરફની સરેરાશ ઉંચાઈ ૨૧૩૫ મીટર જયારે સૌથી વધુ ઉંચાઈ ૩૦૦૦ મીટર છે.એક સમયે ગ્રીનલેન્ડના ૫ ટનગર નૂકનું ઉનાળામાં સરેરાશ તાપ માન ૧૦ ડિગ્રી જેટલું રહેતું હતું પરંતુ હવે ૧૪ ડિગ્રી સુધી રહે છે. જુન ૨૦૧૯ના પ્રથમ પખવાડિયામાં ઉત્તરી ગ્રીનલેન્ડમાં ૧૫ થી ૧૭ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું. ૨૦૧૮માં તો એક સ્થળે તાપ માન ૨૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું જે છેલ્લા ૫૦ વર્ષના સરેરાશ તાપમાન કરતા ઘણું વધારે હતું.

હિમાલયથી ગ્રીનલેન્ડ સુધી ગ્લેશિયરો પીગળવાથી ખતરો સતત વધી રહ્યો છે. ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (આઈપીસીસી)ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં બરફનું પડ પ્રત્યેક વર્ષે ૪૦૦ અબજ ટન ઘટી રહ્યું છે. તેનાથી દરિયામાં પાણીનું સ્તર વધવાની સંભાવના વધી રહી છે જ્યારે ઘણા દેશોના મુખ્ય શહેરો ડૂબવાનું જોખમ પણ વધી ગયું છે. આ શહેર દરિયાના વધતા શહેરથી વધારે પ્રભાવિત થશે જેમાં ભારતના મુંબઈ અને કોલકાતા જેવા શહેરો પણ સામેલ છે.

અગાઉ મિટિરીયોલોજીકલ ઈન્સ્ટીટયૂટના વૈજ્ઞાનિક સ્ટીફન ઓલ્સને ગ્રીનલેન્ડમાં લીધેલો એક ફોટો વાઈરલ થયો હતો. આ ફોટામાં એક સમયે દોઢ મીટર જેટલો બરફ જોવા મળતો અને હવે પાણીમાં ફેરવાઈ ગયેલા સરોવરમાં વુલ્ફ ડૉગ સ્લેજ ખેંચતા જોવા મળ્યા હતા. બરફની ચાદરો પીગળવાથી ઉંચાણવાળા ભાગ પર ઝરણા બની રહયા છે. આર્કેટિક આબોહવા ધરાવતા વિસ્તારના લોકો શૂન્ય ડિગ્રીમાં રહેવા ટેવાયેલા હોવાથી વધતું જતું તાપમાન અકળાવી રહયું છે. બરફના પડની જાડાઈને સમજવામાં થાપ ખાઈને અનેક લોકો જીવ ગુમાવે છે. પોલાર રીંછ અને વૂલ્ફ ડૉગ જેવા પ્રાણીઓના અસ્તિત્વને પણ ખતરો છે. પર્મોફૉસ્ટ એટલે કે કાયમી બરફથી જામેલા રહેતા વિસ્તારોના ઘરો પરથી બરફ ઓછો થતા છાપરા દેખાવા લાગ્યા છે. ઉત્તરી આર્કેટિકના કેટલાક સ્થળે તો બરફનું પાણી થવાથી મકાનો ધસી રહયા છે અને ભીંતને તિરાડો પડવા લાગી છે. ગ્રીનલેન્ડ વિશ્વમાં ૧૩માં ક્રમનો વિશાળ વિસ્તાર ધરાવે છે. ૧૦ ઈગ્લેન્ડ ભેગા કરો તેટલા વિશાળ ગ્રીનલેન્ડમાં માત્ર ૫૭૦૦૦ લોકો રહે છે.



### કામની વાત : માત્ર એક સખ્ત ઇરાદાથી વ્યક્તિ ખોટી ટેવ છોડે છે...

**ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે**

# મજબુત ઇરાદાથી શરાબ છોડી શકાય

**મજબુત ઇચ્છાશક્તિ હોય તો શરાબની ટેવને છોડી શકાય છે : મન પર નિયંત્રણ પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : પારિવારિક સમર્થન જરૂરી**

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે.

ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઈરાદા સાથે આગળ વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઈ શકે છે. વિલ પાવરને અથવા તો ઈચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઈએ. કોઈ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઈએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઈ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને શરાબ પીવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે શરાબનો ઉપયોગ કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો શરાબના વધારે પડતા ઉપયોગ અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે. શરાબ સેવન પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફ્લોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં શરાબ પર પ્રતિબંધ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તો શરાબને છુટછાટ મળેલી છે. જેના કારણે સરકારને મોટી આવક પણ મળે છે. બિહાર અને ગુજરાત જેવા રાજ્યોમાં શરાબ પર વર્ષોથી પ્રતિબંધ છે.



### અમેરિકામાં બાકી વિદ્યાર્થી લોનનો આંકડો ૧.૬ ટ્રિલિયન ડોલર...

# અમેરિકામાં કોલેજ સ્તરે શિક્ષણના ખર્ચ ખુબ વધી ગયા હોવાથી વિદ્યાર્થીઓ મુશ્કેલમાં : ખાનગી લોન આપનારાની સંખ્યા વધી

અમેરિકામાં કોલેજ સ્તરમાં અભ્યાસ કરવાની બાબત ખુબ ખર્ચાળ બની ચુકી છે. જેથી દેશમાં ખાનગી લોન આપવા સાથે સંબંધિત કારોબાર ટોપ પર છે. ઓનલાઈન સર્વે એજન્સી લેન્ડ યુઝ્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકામાં ખાનગી વિદ્યાર્થીઓ લોન બજારની રકમ ૧૦ હજાર કરોડ રૂપિયા અથવા તો ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે.

અમેરિકામાં ખાનગી વિદ્યાર્થી લોન બજારનુ કદ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. આવી જ રીતે જે વિદ્યાર્થીઓના નાણાં ચુકવવાના બાકી છે તે વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૧૪ લાખથી ઉપર પહોંચી ગઈ છે. એજન્સીના કહેવા મુજબ આ વર્ષે ખાનગી લોન માટે આવેવી આશરે બે લાખ અરજીઓ પૈકી માત્ર એક તૃતિયાંશ અરજીને જ મંજુરી આપવામાં આવી છે. આંકડા દર્શાવે છે કે ૪.૪ કરોડ કરતા વધારે અમેરિકી વિદ્યાર્થીઓ પર સાત હજાર ખર્વ કરતા વધારે શૈક્ષણિક લોનની ચુકવણી બાકી રહી છે. આંકડા ખુબ જ રોચક અને ચર્ચામાં મુકે તેવા છે. કારણ કે અમેરિકામાં વિદ્યાર્થીઓ પર ૨૫.૯૦ લાખની સરેરાશ વિદ્યાર્થી લોન રહેલી છે. આંકડા એમ પણ દર્શાવે છે કે ૬૦ વર્ષ કરતા ઓછી વયના ૨૬ ટકા યુવા અમેરિકી વ્યસ્ક ખાનગી લોન આપનારના દેવાદાર તરીકે છે. અમેરિકામાં સ્વતંત્ર રીતે વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષા સુધી પહોંચી શક્યા નથી. ખુબ ઓછા જ વિદ્યાર્થીઓ એવા છે જે આ સફળતા હાંસલ કરી રહ્યા છે. સર્વે અને અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ અને ખાસ કરીને અમેરિકી વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ લોન લઈને સ્નાતક થયા છે. દરેક ચાર વિદ્યાર્થીઓ પૈકી એક અમેરિકી વિદ્યાર્થી આજે સ્ટુડન્ટ લોનની ચુકવણી કરવામાં લાગેલા છે. અમેરિકામાં વિદ્યાર્થી લોન દેવાદારોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. આ સંખ્યા પ્રાથમિક અંદાજ મુજબ ૧૪ લાખ સુધી પહોંચી ગઈ છે. સંખ્યા ઝડપથી વધી રહી છે. અમેરિકામાં ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ દેવામાં ડુબેલા છે. અમેરિકાના શિક્ષણને પણ સુધારાની જરૂર દેખાઈ રહી છે. અમેરિકામાં અભ્યાસ કરવા માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યા આજે દુનિયામાં સૌથી વધારે છે. અમેરિકામાં અભ્યાસને વિદ્યાર્થીઓ સર્વોચ્ચ પ્રાથમિકતા વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં આપે છે. જો કે આંકડા સાબિત કરે છે કે આ બાબત ચિંતાજનક છે. અમેરિકામાં શિક્ષણ અને ખાસ કરીને કોલેજ સ્તરમાં અભ્યાસમાં ખર્તનો આંકડો રેકોર્ડ સપાટી પર પહોંચી ચુક્યો છે. ડેટા સ્ટોરી ભારે રોચક રહેલી છે. અમેરિકામાં જુદા જુદા માપદંડ શિક્ષણના ક્ષેત્રમાં લાગુ કરવામાં આવ્યા છે. શિક્ષણના ઉંચા સ્યરના કારણે અમેરિકામા અભ્યાસ કરવાને લઈને તમામમાં ક્રેઝ રહે છે. હજારોની સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ પણ શિક્ષણ મેળવી લેવા માટે ઉત્સુક રહે છે. અમેરિકાની જગ્યાએ હવે દુનિયાના અન્ય દેશોમાં પણ લોકો અભ્યાસ માટે જવા લાગી ગયા છે. અમેરિકામાં શિક્ષણ વધારે ખર્ચાળ છે ત્યારે ત્યાંના સ્થાનિક વિદ્યાર્થીઓ પણ શિક્ષણના ચિત્રને ધ્યાનમાં લઈને હવે અન્ય દેશોમાં શિક્ષણ મેળવી લેવા માટે પહોંચી રહ્યા છે. જેમાં ભારત પણ સામેલ છે. ફ્રાન્સ, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા પણ શિક્ષણ મેળવી લેવા માટે મુખ્ય હબ તરીકે ઉભરી રહ્યા છે. ઓન લાઈન સર્વેના તારણ આવ્યા બાદ સ્થાનિક અમેરિકી લોકો શિક્ષણને લઈને દેવામાં ડુબી જવા માટે તૈયાર નથી. અન્ય દેશોમાં આગળ જઈને અભ્યાસ કરી શકે છે. કારણ કે અમેરિકામાં શિક્ષણને લગતી અન્ય બાબતો પણ ખર્ચાળ બની રહી છે. અમેરિકામાં જે રીતે વિદ્યાર્થીઓ દેવામાં ડુબી રહ્યા છે તે જોતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તો પોતાના ખર્ચને ઉપાડી લેવા માટે કોઈ પણ પ્રકારની નોકરી પણ કરી રહ્યા છે. ગેરકાયદે રસ્તે પણ કેટલાક વિદ્યાર્થીઓ વળી ગયા છે. જો કે તંત્રને ખાનગી લોન માટેના દુષણને રોકી દેવા માટેની દિશામાં પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

### ફેક્ટરીના રિએક્ટરમાં વિસ્ફોટ થયો, અને થોડી જ વારમાં જ આગ આખી ફેક્ટરીને લપેટમાં લઈ ગઈ

# તેલંગાણાના સિગાચી ફાર્મા કંપનીમાં વિસ્ફોટ । ૧૨ લોકોના મોત, ૩૪ ઘાયલ

### વિવિધ રાજ્યોના ૧૦૦ થી વધુ કામદારો અહીં કામ કરે છે । અકસ્માતના સમાચાર મળતા જ કામદારોના સંબંધીઓ ફેક્ટરીની બહાર ભેગા થઈ ગયા હતા

। પ્રતિનિધિ, તેલંગાણા, તા.૩૦ ।

તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લાના પાશા મેલારામ ઔદ્યોગિક વિસ્તારમાં સોમવારે સવારે એક ભયંકર અકસ્માત થયો. અહીં સ્થિત સીગાચી કેમિકલ્સ ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ બાદ ભીષણ આગ ફાટી નીકળી. ફેક્ટરીના રિએક્ટરમાં વિસ્ફોટ થયો, અને થોડી જ વારમાં જ આગ આખી ફેક્ટરીને લપેટમાં લઈ ગઈ. આ અકસ્માતમાં ૧૨ કામદારોના મોત થયાના અહેવાલ છે, જ્યારે ૩૪ કામદારો ઘાયલ થયા છે, જેમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ ઘણા કિલોમીટર દૂર સુધી સંભળાયો અને ફેક્ટરીની આસપાસના વિસ્તારોમાં ગભરાટ ફેલાઈ ગયો. કામદારો ભયથી અહીં-ત્યાં દોડવા લાગ્યા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, વિસ્ફોટને કારણે ઘણા કામદારો ૧૦૦ મીટર દૂર પડી ગયા. આ અકસ્માત આજે સવારે ૯ વાગ્યાની આસપાસ થયો હતો.ચાર ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને આગ ઓલવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. ૧૦૮ એમ્બ્યુલન્સ અને તબીબી કર્મચારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. ઘાયલોને પ્રાથમિક સારવાર માટે ટોનચેરુ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યારે ગંભીર રીતે ઘાયલોને હૈદરાબાદ રિફર કરવામાં આવ્યા છે.અકસ્માત બાદ ફેક્ટરીની ઈમારત ધરાશાયી થઈ હતી. કાટમાળમાં કામદારો ફસાયા હોવાની આશંકા છે.







### ૧-૨ જુલાઈના રોજ સુરત, તાપી, ડાંગ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યુ

વહીવટીતંત્રે તાત્કાલિક કાર્યવાહી કરી છે અને ફેક્ટરી અને આસપાસના વિસ્તારને ખાલી કરાવવાનું શરૂ કર્યું છે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે આ કંપની દવાઓના ઉત્પાદનમાં વપરાતો પાવડર તૈયાર કરે છે. વિવિધ રાજ્યોના ૧૦૦ થી વધુ કામદારો અહીં કામ કરે છે. અકસ્માતના સમાચાર મળતા જ કામદારોના સંબંધીઓ ફેક્ટરીની બહાર ભેગા થઈ ગયા હતા. વહીવટીતંત્રે લોકોને ઘટનાસ્થળેથી દૂર રહેવાની સલાહ આપી છે. હાલમાં રાહત અને બચાવ કાર્ય ચાલુ છે અને અકસ્માતના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે સોમવારે તેલંગાણાના સાંગારેડ્ડી જિલ્લાના પાસમૈલારામ ફેઝ ૧ વિસ્તારમાં એક કેમિકલ ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં એક ડઝનથી વધુ કર્મચારીઓ ઘાયલ થયા છે. ઘટનાની જાણ થતાં જ ૧૧ ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયા અને આગ ઓલવવાનું શરૂ કર્યું. તેલંગાણાના ફાયર અધિકારીઓએ જણાવ્યું, 'આ ઘટના સિગાચી ફાર્મા કંપની, પાસમૈલારામ ફેઝ ૧ માં બની હતી. ૧૧ ફાયર ટેન્ડર ઘટનાસ્થળે પહોંચી ગયા છે. લગભગ ૩૦-૩૫ લોકો ઘાયલ થયા છે.'

### નરેન્દ્ર મોદીએ ઘટનામાં લોકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યુ

મલ્ટી ઝોન ના ઈન્સ્પેક્ટર જનરલ વી સત્યનારાયણે જણાવ્યું હતું કે પસુમ્યાલમમાં કેમિકલ ઉત્પાદન ફેક્ટરી સિગાચી ફાર્મામાં વિસ્ફોટ થયો હતો. આ ઘટના સવારે ૮:૧૫ થી ૯:૩૫ વાગ્યાની વચ્ચે બની હતી. આ ઘટનામાં કુલ ૧૨ લોકોના મોત થયા છે. ૩૪ અન્ય ઘાયલ થયા છે. છ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. ચંદા નગરમાં સારવાર દરમિયાન બે લોકોના મોત થયા છે. અમે ૨૦ મિનિટમાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.એનડીઆરએફ ,એસડીઆરએફ અને અન્ય બચાવ ટીમો ૧૦ ફાયર એન્જિન સાથે ઘટનાસ્થળે છે. આગ પર કાબુ મેળવવાના પ્રયાસો ચાલુ છે. બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઘટનામાં લોકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું, 'હું આ ઘટનાથી દુઃખી છું. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. હું ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું.

## એક એપ્રિલ, ૨૦૨૬થી વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો ,ઘરની ચીજવસ્તુઓ અંગે પૂછાશે

। નવીદિલ્હી, તા.૩૦ ।

વસ્તી ગણતરીની પ્રક્રિયા શરૂ કરવાની તારીખની જાહેરાત કરી દેવામાં આવી છે. આ વખતે વસ્તી ગણતરી બે તબક્કામાં થવાની છે. રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે આગામી વર્ષે ૧ એપ્રિલથી તેનો પ્રથમ તબક્કો શરૂ કરવામાં આવશે.આ તબક્કામાં લોકોને તેમના ઘરોમાં રહેલા વાહનો, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અને અન્ય સુખ સુવિધાઓની વસ્તુઓ અંગે પૂછવામાં આવશે. આ માટે સેન્સસ કમિશનર અને રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયાએ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે. ઉલ્લેખનીય છે કે આ વખતે મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરી ડિજિટલ માધ્યમથી વસ્તી ગણતરી કરાવવામાં આવશે.પ્રથમ તબક્કામાં લોકોની રહેઠાણની સ્થિતિ અને સુખ સુવિધાની સામગ્રીની માહિતી લેવામાં આવશે. વસ્તી ગણતરીના બીજા તબક્કામાં ઘરમાં રહેતા પ્રત્યેક વ્યકિતની સામાજિક, આર્થિક અને અન્ય માહિતી એકત્ર કરવામાં આવશે. રાજ્યોના મુખ્ય સચિવોને લખવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે નક્કી કરેલ તારીખથી પહેલા સુપરવાઈઝર અને અન્ય વસ્તી ગણતરી અધિકારીઓ અને કાર્યકરોના કામોની વહેંચણી કરવામાં આવશે.

## હૂલના દિવસે આદિવાસીઓ અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ

। ઝારખંડ, તા.૩૦ ।

ઝારખંડના સાહિબગંજ જિલ્લાના ભોગનાડીહ ખાતે હૂલ ક્રાંતિ દિવસ કાર્યક્રમમાં આદિવાસીઓ અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. પરવાનગી વગર કાર્યક્રમનું આયોજન કરી રહેલા આદિવાસીઓને દૂર કરવામાં આવતા આક્રોશ ફેલાયો. આદિવાસીઓએ પોલીસ પર પથ્થરમારો કર્યો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ કર્યો અને ટીયરગેસના શેલ છોડ્યા. ભાજપે આ ઘટના અંગે હેમંત સોરેન સરકારને ઘેરી લીધી છે.ભોગનાડીહમાં સિદો-કાન્હુ મુર્મુ હૂલ ફાઉન્ડેશને ભાજપ નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેનના મુખ્ય આતિથ્ય હેઠળ આયોજિત હૂલ ક્રાંતિ દિવસ કાર્યક્રમ માટે પરવાનગી માંગી હતી. વહીવટીતંત્રે કાર્યક્રમ માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. સોમવારે જ્યારે કાર્યક્રમ ચાલી રહ્યો હતો, ત્યારે પોલીસે સિદો-કાન્હુ મુર્મુ હૂલ ફાઉન્ડેશન દ્વારા લગાવવામાં આવેલા તંબુઓને દૂર કરવાનો પ્રયાસ કર્યો. આ પછી, આદિવાસીઓનો ગુસ્સો ભડકી ઉઠ્યો. તેઓએ પોલીસ પર પથ્થરમારો કર્યો. ફાઉન્ડેશનના સમર્થકોએ તીર છોડ્યા.આ પછી, પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કર્યો અને ટીયરગેસનો પણ ઉપયોગ કર્યો. અથડામણમાં ઘણા ગ્રામજનો અને પોલીસકર્મીઓ ઘાયલ થયા.

### ખર્ચ ૩.૨૧ કરોડ રૂપિયા થશે । આઇઆઇટી કાનપુર તેની ટેકનિકલ જવાબદારી લેશે

# દિલ્હીની હવામાં ધુમ્મસ અને ધુમ્મસ, ૪ થી ૧૧ જુલાઈ સુધી કૃત્રિમ વરસાદનું પરીક્ષણ

### પાંચ વિમાનો ઉત્તર-પશ્ચિમ અને બાહ્ય દિલ્હીના ઓછા સુરક્ષાવાળા હવાઈ ક્ષેત્રમાં ઉડાન ભરશે દરેક ફ્લાઇટ ૯૦ મિનિટની હશે અને ૧૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લેશે

। નવીદિલ્હી,તા.૩૦ ।

દિલ્હીમાં પ્રદૂષણથી રાહત મેળવવા માટે ૪ થી ૧૧ જુલાઈ સુધી કૃત્રિમ વરસાદનું પરીક્ષણ થશે. ક્લાઉડ સીડિંગને કારણે થતા આ વરસાદનો હેતુ હવાને શુદ્ધ કરવાનો છે. સરકાર દિલ્હીની હવામાં ધુમ્મસ અને ધુમ્મસની સમસ્યાનો સામનો કરવા માટે કૃત્રિમ વરસાદનો ઉપયોગ કરશે. ક્લાઉડ સીડિંગનો પહેલો ટ્રાયલ ૪ થી ૧૧ જુલાઈ દરમિયાન યોજાશે. તેનો ખર્ચ ૩.૨૧ કરોડ રૂપિયા થશે. આઈઆઈટી કાનપુર તેની ટેકનિકલ જવાબદારી લેશે.



પાંચ વિમાનો ઉત્તર-પશ્ચિમ અને બાહ્ય દિલ્હીના ઓછા સુરક્ષાવાળા હવાઈ ક્ષેત્રમાં ઉડાન ભરશે. દરેક ફ્લાઈટ ૯૦ મિનિટની હશે અને ૧૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લેશે. વિમાનોમાંથી સિલ્વર આયોડાઈડ, આયોડાઈઝ્ડ મીઠું અને રોક સોલ્ટનું મિશ્રણ છંટકાવ કરવામાં આવશે.

આ મિશ્રણ વાદળોમાં વરસાદના ટીપાં બનાવશે, જે હવાના પ્રદૂષિત કણોને જમીન પર લાવશે અને હવાને શુદ્ધ કરશે. દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ જણાવ્યું હતું કે આ પગલું મુખ્યમંત્રી રેખા ગુપ્તાના નેતૃત્વમાં લેવામાં આવી રહ્યું છે. ડ્ડ્ઝછ તરફથી મંજૂરી મળી ગઈ છે અને હવામાન અનુકૂળ હોય ત્યારે ટ્રાયલ કરવામાં આવશે.

અગાઉ પણ કૃત્રિમ વરસાદ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ તે સફળ થયા ન હતા. આ વખતે સરકાર અને આઈઆઈટી કાનપુર તેને સફળ બનાવવા માટે તૈયાર છે. આમાં કુલ ૫ ટ્રાયલ થશે.

જો આ પ્રયોગ સફળ થશે, તો દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યામાંથી ઘણી હદ સુધી રાહત મળી શકે છે. દિલ્હીમાં પ્રદૂષણથી રાહત મેળવવા માટે ૪ થી ૧૧ જુલાઈ સુધી કૃત્રિમ વરસાદનું પરીક્ષણ થશે. ક્લાઉડ સીડિંગને કારણે થતા આ વરસાદનો હેતુ હવાને શુદ્ધ કરવાનો છે. સરકાર દિલ્હીની હવામાં ધુમ્મસ અને ધુમ્મસની સમસ્યાનો સામનો કરવા માટે કૃત્રિમ વરસાદનો ઉપયોગ કરશે. ક્લાઉડ સીડિંગનો પહેલો ટ્રાયલ ૪ થી ૧૧ જુલાઈ દરમિયાન યોજાશે. તેનો ખર્ચ ૩.૨૧ કરોડ રૂપિયા થશે. આઈઆઈટી કાનપુર તેની ટેકનિકલ જવાબદારી લેશે. પાંચ વિમાનો ઉત્તર-પશ્ચિમ અને બાહ્ય દિલ્હીના ઓછા સુરક્ષાવાળા હવાઈ ક્ષેત્રમાં ઉડાન ભરશે. દરેક ફ્લાઈટ ૯૦ મિનિટની હશે અને ૧૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લેશે.

### સુપ્રીમ કોર્ટ તરફથી લલિત મોદીને ઝટકો

## બીસીસીઆઇ ને ઈડી દંડ ચૂકવવાની માંગ કરતી અરજી ફગાવી

। નવીદિલ્હી, તા.૩૦ ।

